


## જિલ્લામાં હાડથીજવતી ઠંડીનો સપાટો, ૮ ડિગ્રી સાથે વિજયનગર ઠંડુગાર, ઘઉં સહિતના પાકને મહત્તમ ફાયદો

જિલ્લામાં છેલ્લા ૩ દિવસથી હાડથીજવતી ઠંડીના કારણે જનજીવન પ્રભાવિત થયું છે. ૮ ડિગ્રી સાથે વિજયનગર ગુરૂવારે સૌથી વધુ ઠંડુગાર રહ્યું હતું. ઠંડીના સૂસવાટાના કારણે દિવસ દરમ્યાન પ્રજા ગરમવસ્ત્રોમાં લપેટાયેલી જોવા મળી હતી. ઘઉં સહિતના પાકને મહત્તમ ફાયદો થશે તેમ ખેડૂતો જણાવી રહ્યા છે. જિલ્લાના અનેક વિસ્તારોમાં હાડથીજવતી ઠંડી અને પરોઢે ભિલોડા સહિતના અનેક વિસ્તારોમાં ધુમ્મસ સર્જાયું હતું જેના કારણે વાહન ચાલકોને વાહનો હંકારવામાં મુશ્કેલી જોવા મળી હતી. ઠંડીએ રીતસરનો સપાટો બોલાવતાં માર્ગો રાત્રે સૂમસામ થઈ જાય છે. ઠેક ઠેકાણે તાપણાંના સહારે પ્રજા ઠંડી દૂર કરવાના ઉપાયો શોધતી જોવા મળી. ગુરૂવારે પોષી પુનમ હોવા છતાં ઠંડીના સપાટાના કારણે કેટલાક દેવમંદિરોમાં શ્રદ્ધાળુઓની સંખ્યામાં પરોઢે જોવા મળ્યો. બપોર બાદ મંદિરોમાં દર્શન માટે ભીડ જોવા મળી હતી. જિલ્લામાં આ વર્ષે ઘઉંનું સૌથી વધુ વાવેતર થયું છે અને ઘઉંને માફકસર હવામાન ઉભું થતાં બાયડ, ધનસુરા, પ્રાંતિજ, તલોદ, હિંમતનગર, ભિલોડા, ઈડર, વડાલી સહિતના વિસ્તારોમાં ઘઉંનું મબલખ ઉત્પાદન થશે તેમા ખેડૂતો જણાવી રહ્યા છે.

## માત્ર બસ ડેપો માટે પરવાનગી મળવાપાત્ર પરંતુ બની રહ્યું છે... બસ ટર્મિનલ

**સોલાર પાર્ક જેવું કૌભાંડ તો નથી ને..?? મોડાસામાં પી.પી.પી. ધોરણે બનતું નવું બસ સ્ટેન્ડ પાલિકાના અભિપ્રાયથી વિરૂદ્ધ કરોડોના ખર્ચે તૈયાર થતું નવું બસ સ્ટેન્ડ વિવાદના વમળોમાં આવે તેવી સંભાવના, પાલિકા તંત્ર કેમ ચૂપ..!!**

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૮

મોડાસામાં પી.પી.પી. ધોરણે અદ્યતન સુવિધાજનક નવીન બસ સ્ટેશન તૈયાર થઈ રહ્યું છે ત્યારે મોડાસા નગરપાલિકાના તાંત્રિક અભિપ્રાયથી તદ્દન વિરૂદ્ધ તમામ બાંધકામ થતું હોવા છતાં પાલિકા તંત્ર કેમ ચૂપ છે..?? અરવલ્લી જિલ્લામાં સોલાર પાર્કમાં બહુમાળી ભવનના અનેક સરકારી બાબુઓએ ખિસ્સાં ભર્યાની લોકચર્ચા જામી છે આ સંજોગોમાં મોડાસામાં પી.પી.પી. ધોરણે બનતું નવું બસ સ્ટેન્ડ પણ આવનારા દિવસોમાં વિવાદમાં આવી શકે છે. બસ ડેપો માટે પરવાનગી મળવાપાત્ર છે જમીન બસ ટર્મિનલ માટે અને તે સિવાયની બાકી રહેતી ૨૩,૯૩૩ ચો.મી. જમીન બસ ટર્મિનલ ફેસીલીટી માટે અને તે સિવાય બાકી રહેતી ૨૩,૯૩૩ ચો.મી. જમીન વાણિજ્ય હેતુ માટે સ્થાનિક બિલ્ડીંગ જી.ડી.સી.આર. જોગવાઈને આધિન બસ ટર્મિનલ અને વાણિજ્ય હેતુ માટેના બિલ્ડીંગનો વિકાસ કરવાની કામગીરી સોંપવામાં આવેલ છે. પરંતુ મોડાસા વિકાસ વિસ્તાર સત્તા મંડળની પુનરાવર્તિત વિકાસ યોજના ગુજરાત સરકારે મંજૂર કરી છે. તેમાંની દરખાસ્ત મુજબ એસ.ટી. બસ સ્ટેશન ટ્રાન્સપોર્ટેશન ઝોનમાં નિયત



પરંતુ બસ ટર્મિનલ કેવી રીતે બની ગયું..?? જેના કારણે કરોડોના ખર્ચે તૈયાર થતું નવું બસ સ્ટેશન લોકાર્પણ થાય તે અગાઉ જ વિવાદમાં ફસાઈ શકે છે. પાલિકા શહેરમાં કોઈનું ગેરકાયદે દબાણ કે બાંધકામ હોય તો દૂર કરવા માટે ઘૂરકીયાં કરે છે ત્યારે જગજાહેર પાલિકાના અભિપ્રાયથી તદ્દન વિરૂદ્ધ બનતું બસ ટર્મિનલ મુદ્દે ચૂપકીદી કેમ..??

સૂત્રો પાસેથી મળેલી વિગતો અનુસાર મોડાસામાં બસ ટર્મિનલની બાંધકામ મંજૂરી મેળવવા માટે કાર્યપાલક ઈજનેર (ઝોન-૧) ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ-વડોદરાએ મોડાસા નગરપાલિકા પાસે તાંત્રિક અભિપ્રાય માગ્યો હતો જેમાં નવીન બસ ટર્મિનલ અને વાણિજ્ય હેતુ માટે પ્લાન અને રજૂ કરેલા આધારપુરાવાને ચકાસણીની વિગતો વિભાગને પૂરી પાડી જેમાં મોડાસા બસ ટર્મિનલ વ્યાપ્તિ ઈન્ફ્રા બિલ્ડ પ્રા.લી. અને નિલા ઈન્ફ્રાસ્ટ્રક્ચર લી.ને સરકારના જી.એસ.આર.ટી.સી. દ્વારા ડેવલપ કરવાની કામગીરી સોંપવામાં આવી છે. જેમાં જણાવ્યા પ્રમાણે કુલ-૩૦,૨૧૨ જમીન પૈકી ૬૨૭૯ ચો.મી. કરાયેલું છે પરંતુ મંજૂર કરાયેલા વિકાસ યોજના સાથેના સામાન્ય વિકાસ નિયંત્રણ નિયમોમાં સૂચિત ટ્રાન્સપોર્ટેશન ઝોનને આનુસાંગિક મળવાપાત્ર ઉપયોગ બાબતે ઝોનિંગને સુસંગત કોઈ જોગવાઈ કરવામાં આવી નથી. સરકાર દ્વારા વર્ષ-૨૦૧૭માં મંજુર કરાયેલ સી.જી.ડી.સી.આર.ની જોગવાઈ મુજબ જમીન પી.પી.ઝેડ.-૧ તરીકે ગણવાની થાય અને ક્લોઝ નં.૭, ૪ માં યુઝ ક્લાસીફીકેશન પ્રમાણે પબ્લિક યુટીલીટી મળવાપાત્ર ઉપયોગને ધ્યાને લેતાં જમીન સૂચિત ફક્ત બસ ડેપો માટે પરવાનગી મળવાપાત્ર થાય છે પરંતુ સૂચિત એસ.ટી. ડેપો અને વાણિજ્ય બંન્ને હેતુ માટેના કુલ સૂચિત બાંધકામ માટે ૧.૫ એફ.એસ.આઈ.ને લઈ આયોજન કરેલ છે. જેથી મહત્તમ એફ.એસ.આઈ. અને ઉપયોગને ધ્યાને રાખીને નકશામાં ફેરફાર થાય તેવું જણાવવામાં આવ્યું છે ટૂંકમાં મોડાસા નગરપાલિકાના અભિપ્રાયથી તદ્દન વિપરીત રીતે નિર્માણ થઈ રહેલું મોડાસાનું બસ ટર્મિનલ બનાવવા માટે કોના ઈશારે ખોટી કામગીરી થઈ રહી છે તે મુદ્દો ટૂંકમાં જ મોટું સ્વરૂપ ધારણ કરી શકે છે.


## ઈડર માર્કેટયાર્ડનો ચૂંટણી જંગ જામ્યો, વેપાર વિભાગમાં રસાકસી

### સહકાર વિભાગ સમરસ, ખેડૂત વિભાગમાં સમજૂતી રંગ લાવી

ઈડર (બ્યુરો ઓફિસ) તા.૨૮

સાબરકાંઠાની અગ્રીમ હરોળની સહકારી સંસ્થા ઈડર માર્કેટયાર્ડનો ચૂંટણી જંગ જામ્યો છે. સહકાર વિભાગમાં ઉમેદવારો બિનહરીફ થયા છે. ખેડૂત વિભાગમાં સમજૂતી રંગ લાવી છે ત્યારે વેપાર વિભાગની ૪ બેઠકો માટે રસાકસી ભર્યો જંગ જામ્યો છે. ઈડર માર્કેટયાર્ડના ચૂંટણી જંગમાં ખમતીધર સહકારી આગેવાનોએ ફોર્મ પરત ખેંચી સમરસતાનું ઉદાહરણ સહકારી માળખામાં પુરૂ પાડ્યું છે.

તા.૩૦ જાન્યુઆરીએ ઈડર માર્કેટયાર્ડની ચૂંટણી યોજાવવાની છે ત્યારે હવે માત્ર વેપાર વિભાગની ૪ બેઠકોનો જંગ રસાકસી ભર્યો બન્યો છે. ૪ બેઠક માટે ૮ ઉમેદવારો મેદાનમાં રહેતાં જીત મેળવવા માટે ઉમેદવારોએ તમામ તાકાત કામે લગાડી છે. વેપાર વિભાગના ૧૫૫ મતદારો પોતાના મતાધિકારનો ઉપયોગ કરશે. વેપાર વિભાગના તમામ મતદારોએ મૌન સેવી લેતાં સહકારી આગેવાનો પણ અકળાયા છે. સહકાર વિભાગની બે બેઠકો બિનહરીફ થઈ છે. અગાઉ સહકાર વિભાગમાં ૮ ફોર્મ રજૂ થયા હતા પરંતુ ૬ ઉમેદવારોએ ફોર્મ પરત ખેંચતાં સહકાર વિભાગમાં જિલ્લા દિવેલા અને તેલીબીયાં સંઘના ચેરમેન અશોકભાઈ રેવાભાઈ પટેલ તેમજ જાદર તાલુકા ખરીદ વેચાણ સંઘના ચેરમેન અશોકભાઈ જોઈતાભાઈ પટેલ બિનહરીફ ચૂંટાઈ આવ્યા છે ત્યારે ખેડૂત વિભાગની ૧૦ બેઠકો માટે ૬૫ ઉમેદવારોએ ઝંપલાવ્યું હતું પરંતુ ફોર્મ પરત ખેંચવાના અંતિમ દિવસે ૧૭ ઉમેદવારો મેદાનમાં રહ્યા હતા જેમાં ખેડૂત વિભાગની ચૂંટણી સમરસ થાય તે માટે સહકારી આગેવાનોએ સામાજીક આગેવાનો સાથે તાલમેલ કેળવી પરસ્પર સહકારીતાની ભાવના દર્શાવતાં તમામ ૧૦ બેઠકોમાં સહમતી સાધી લેવામાં આવી હતી.




### ઈડર યાર્ડનો ચૂંટણી જંગ સહકારી આગેવાનોએ ફોર્મ પરત ખેંચી સમરસતા દાખવી

ઈડર : ઈડર માર્કેટયાર્ડના ચૂંટણી જંગમાં રાજ્ય અને જિલ્લાના સ્થાનિક સહકારી આગેવાનોએ ઝંપલાવ્યું હતું પરંતુ ચૂંટણી સમરસ થાય તે માટે સહકારી આગેવાનોએ ફોર્મ પરત ખેંચી સમરસતા દાખવી હતી. ફોર્મ પરત ખેંચનારા સહકારી આગેવાનોમાં પૃથ્વીરાજ પટેલ, કનુભાઈ આર. પટેલ, પ્રેમલ દેસાઈ, કાન્તિભાઈ પી. પટેલ, સરદારભાઈ પટેલ, ભીખાભાઈ પટેલ, જેસીંગભાઈ પટેલ તેમજ રૂવચ દૂધ મંડળીના ચેરમેન લલિત પટેલ, બ્રહ્મપૂરી પંચાયતના સરપંચ હરેશભાઈ પટેલ વગેરેએ પોતાની ઉમેદવારી પરત ખેંચી સહકારી ભાવનાને જાળવી રાખી હતી.



### શ્રવણ સુખધામ સંસ્થા દ્વારા કુંડા અને પક્ષીઘરનું વિતરણ..

ગુજરાતના સુપ્રસિદ્ધ કવિ શ્રી ઉમાશંકર જોશીના માદરેવતન સાબરકાંઠા જિલ્લાના પુનાસણ બામણા ગામની શ્રવણ સુખધામ સંસ્થા દ્વારા પક્ષીઓના જીવ બચાવા "વિહંગનો વિસામો" અભિયાન અંતર્ગત માટી કામ સાથે સંકળાયેલા પ્રજાપતિ પરિવારને રોજીરોટી મળી રહે તે હેતુથી માટીના કુંડા અને પક્ષીઘર બનાવડાવી ગ્રામ્ય અને શહેરોમાં વિનામૂલ્યે વિતરણ કરવામાં આવે છે. આ અભિયાન હેઠળ હિંમતનગર તાલુકાના રાયગઢ ગામે રવિવારના રોજ મહાકાળી મંદિર ખાતે સંસ્થાના મંત્રી ઈન્દુબેન આર. પ્રજાપતિની ઉપસ્થિતિમાં મંદિરના મહંતશ્રી ઉદયગિરિ અને જગદીશભાઈ નાયીના હસ્તે કુંડા અને પક્ષીઘરનું વિતરણ કરી અભિયાનનો આરંભ કર્યો હતો. આ પ્રસંગે ગુજરાત રાજ્યના સીસીએફના ઉદય પટેલ હાજર રહી સંસ્થાની આ સેવાકીય અભિયાનને પ્રોત્સાહન આપી બિરદાવ્યું હતું.

## પ્રાંતિજના પોગલુ વેરાઈ માતાજી મંદિર ખાતે ધજા રોહણ કાર્યક્રમ યોજાયો

સાબરકાંઠા જિલ્લા ના પ્રાંતિજ ખાતે આવેલ સુપ્રસિધ્ધ શ્રી પોગલુ વેરાઈ માતાજી મંદિર ખાતે આજે પુનમના દિવસે ધજા રોહન કાર્યક્રમ યોજાયો. પ્રાંતિજના પોગલુ ખાતે આવેલ શ્રી વેરાઈ માતાજી ના મંદિર ખાતે



આજે પુનમ ના દિવસે મંદિર ખાતે પટેલ બાબુભાઈ ડાહ્યાભાઈ જોઈતાભાઈ પરિવાર દ્વારા વાજતેગાજતે બાવન ગજની ધજા ચડાવવામા આવી હતી તો આ પ્રસંગે ગ્રામજનો તથા માઈ ભકતો ઉપસ્થિત રહ્યા હતાં.

## ઉત્તર ગુજરાતના જંગલ વિસ્તારમાં દુર્લભ પ્રાણી-પક્ષીઓની પ્રજાતિ લુપ્ત થવાના આરે

### જંગલમાં માનવીનું અતિક્રમણ વધતાં ઉડતી ખિસ્કોલી લુપ્ત



ઉત્તર ગુજરાતના જંગલોમાં લીલાં વૃક્ષોનું નિકંદન નિકળવા લાગતાં વન્ય જીવોનું રહેઠાણ અને ભોજન છીનવાઈ રહ્યું છે. જંગલ વિસ્તારમાં માનવીના સતત અતિક્રમણથી અનેક દુર્લભ પ્રાણી અને પક્ષીઓની કેટલીક પ્રજાતિઓ લુપ્ત થવાના આરે આવીને ઉભી છે. વિષમ હવામાન અને જંગલ વિસ્તાર ઘટતો જતાં વન્ય જીવોના જીવન ઉપર મોટો ખતરો ઉભો થયો છે. ઉત્તર ગુજરાતમાં એક સમયે જંગલ વિસ્તારમાં ઉડતી ખિસ્કોલી એક આગવું આકર્ષણ બની રહી હતી પરંતુ છેલ્લા કેટલાક વર્ષોથી ખિસ્કોલીની પ્રજાતિ નામશેષ થઈ છે. જયારે વન વિભાગે લુપ્ત થતા પ્રાણી તેમજ પક્ષીઓની પ્રજાતિમાં સંવર્ધન થાય તેવા પ્રયાસો કરવાને બદલે માત્ર વન્ય જીવોને ભયગ્રસ્ત કેટેગરીમાં મૂકી સંતોષ માની લીધો છે.

રાજ્ય સરકાર જંગલોનો વ્યાપ વધે તેવા આશય સાથે વર્ષે-દહાડે કરોડો રૂપિયાનું આંધણ કરી રહી છે. વન વિભાગ દ્વારા જંગલ વિસ્તાર તેમજ ખુલ્લા મેદાનોમાં વૃક્ષોના રોપા વાવી ઘટતા જતા જંગલ વિસ્તારને ફરીથી હર્યો ભર્યો કરવાના પ્રયાસો થાય છે પરંતુ રોપા વાવ્યા પછી તેની કોઈ દરકાર લેવાતી નથી જેથી ટૂંક સમયમાં જ રોપા પૂર્ણ વૃક્ષ બને તે અગાઉ નામશેષ થઈ જતા હોય છે. ઉત્તર ગુજરાતના ૫ જિલ્લામાં ખાસ કરીને સાબરકાંઠા, અરવલ્લી અને બનાસકાંઠા જિલ્લામાં સમૃદ્ધ જંગલ વિસ્તાર હોવાથી દિપડા, ઉડતી ખિસ્કોલી, કીડીખાઉં, જંગલી બિલાડી, હેડોતરો, લક્કડ ખોદ, ચોસીંગા, ઘુવડ, ગીધ સહિતના વન્ય પ્રાણી-પક્ષીઓથી જંગલ વિસ્તાર હર્યો ભર્યો લાગતો હતો પરંતુ છેલ્લા કેટલાય સમયથી જંગલ વિસ્તારમાં કાળા માથાના માનવીનું અતિક્રમણ શરૂ થતાં વન્ય જીવોનું રહેઠાણ તેમજ ખોરાક છીનવાઈ રહ્યો છે જેથી અસ્તિત્વ ટકાવી રાખવા માટે જજૂમતા વન્ય જીવો હવે નામશેષ થવાને આરે આવીને ઉભાં છે. અગાઉના વર્ષોમાં બનાસકાંઠા અને સાબરકાંઠાના વિજયનગરના જંગલ વિસ્તારમાં ઉડતી ખિસ્કોલી આકર્ષણનું કેન્દ્ર હતી પરંતુ કેટલાક વર્ષોથી આખી પ્રજાતિ લુપ્ત થઈ ગઈ હોય તેવી સ્થિતિ જોવા મળી રહી છે. જંગલ વિસ્તાર ઘટવાની સાથે વધતા પ્રદૂષણે પણ વન્ય જીવો ઉપર મોટું જોખમ ઉભું કર્યું છે. જ્યારે કેટલાક વિસ્તારોમાં તો વન્ય પ્રાણીઓ માટે પીવાના પાણીથી માંડી ખોરાકની પર્યાપ્ત સુવિધા ઉપલબ્ધ ન હોવાથી ખોરાક-પાણીની શોધમાં નિકળતા વન્ય જીવો વાહનોની હડફેટે મોતને ભેટી રહ્યા છે. ઉત્તર ગુજરાતના ૫ જિલ્લાઓમાં દર વર્ષે પર્યાવરણ દિવસ અને વન્ય જીવ સુરક્ષા ધારા હેઠળ સરકારી ઉજવણીના તાયફા થાય છે પરંતુ ટૂંક સમયમાં જ બધું કોરાણે મૂકાઈ જતું હોય છે જેથી વન્ય દુર્લભ જીવોની પ્રજાતિ ઉપર મોટું જોખમ તોડાયું છે. વન વિભાગ દ્વારા લુપ્ત થતા વન્ય પ્રાણી અને પક્ષીઓના સંવર્ધન માટેના કોઈ સફળ પ્રયાસ આજદિન સુધી થયા નથી જેના કારણે ઉડતી ખિસ્કોલી સહિતના દુર્લભ વન્ય પ્રાણીઓ હવે ભૂતકાળ બનવા જઈ રહ્યા છે. ઉત્તર ગુજરાતના સાબરકાંઠા, અરવલ્લી, મહેસાણા, બનાસકાંઠા અને પાટણ જિલ્લામાં દર વર્ષે ઘરઆંગણાના પક્ષી ચકલીને બચાવવા માટે ખાસ ઉજવણી કરી માળા અને કુંડાનું ઘેર..ઘેર વિતરણ થાય છે પરંતુ લુપ્ત થતા વન્ય જીવોને બચાવવા માટે વન વિભાગ ઉપરાંત વન્ય જીવ માટે કામ કરતી સંસ્થાઓ દ્વારા કોઈ ઠોસ પ્રયાસ આજદિન સુધી થયા નથી જેથી ધીરે ધીરે જંગલ વિસ્તારમાંથી દુર્લભ વન્ય જીવો ગાયબ થઈ રહ્યાં છે.



### વન્ય જીવોના સંવર્ધનને બદલે વન્ય જીવોને ભયગ્રસ્ત કેટેગરીમાં મૂકાયાં..!!

ઉત્તર ગુજરાતના જંગલ વિસ્તારમાંથી પ્રાણીઓ તેમજ પક્ષીઓની અનેક પ્રજાતિઓ નષ્ટ થઈ રહી છે. જંગલ વિસ્તાર ઘટવાની સાથે ક્લાઈમેટ ચેન્જ ઉપરાંત માનવ અતિક્રમણથી વન્ય જીવોના અસ્તિત્વ ઉપર ખતરો ઉભો થયો છે. લુપ્ત થતા વન્ય જીવોના સંવર્ધનની જવાબદારી વન વિભાગની છે પરંતુ તંત્ર દ્વારા માત્ર વન્ય જીવોને ભયગ્રસ્ત કેટેગરીમાં મૂકી સંતોષ માનવામાં આવ્યો છે. ઉત્તર ગુજરાત સહિત રાજ્યમાં ૧૩ થી વધુ પ્રજાતિના પંખીઓને તેમજ પ્રાણીઓને વન્ય જીવન સુરક્ષા દ્વારા ભયગ્રસ્ત કેટેગરીમાં મૂકવામાં આવ્યા છે પરંતુ વિભાગ પાસે આવા કયા પ્રાણી-પક્ષીઓને વન્ય જીવન સુરક્ષા ધારા-૧૯૭૨ની અનુસૂચિત-આઈ.માં સમાવવામાં આવ્યા છે તેની કોઈ યોગ્ય જાણકારી ન હોવાનું બહાર આવ્યું છે.